# નાના મિલકતદારોને સાચવી લેવા કવાયત

**ખાસ** કરીને 100 ચોરસ મીટર સુધીનું ક્ષેત્રફળ ધરાવતી રહેણાક મિલકતો અને દુકાનદારો પર વેરો નહીં ઝીંકાય

સુરતઃ સુરત મનપાની તિજોરીની સ્થિતિ દર વર્ષે નાજૂક થતી જાય છે અને સરકારે પણ તમામ મહાનગર પાલિકાઓને સ્વનિર્ભર થવા પર ભાર મૂક્યો છે. ત્યારે સુરત મનપાના વર્ષ 2023-24ના બજેટમાં આવક વધારવા માટે દોઢ દાયકા બાદ મિલકતવેરામાં વધારો નિશ્ચિત મનાઇ રહ્યો છે. જોકે નાના મિલકતદારો પર બોજ ન પડે તે રીતે વેરા વધારાના વિકલ્પો વિચારાશે. આ ઉપરાંત વોટર મીટરની પોલિસીમાં પણ ફેરફાર કરાશે અને રેવન્યુ ખર્ચ પર કાપ મૂકતાં પગલાં લેવાય તેવી શક્યતા છે.

મનપાનાં સૂત્રો પાસેથી મળતી વિગતો મુજબ મનપાના તંત્રએ પ્રથમ વખત બજેટ પુરાંતવાળું બનાવવાની કવાયત હાથ ધરી છે, જેમાં ખાસ કરીને રેવન્યુ આવકમાં મિલકતવેરા સહિતના સ્ત્રોતમાં વધારો કરી આવક વધારવા અને રેવન્યુ ખર્ચમાં કાપ મૂકવા પગલાં લેવાશે. ઉપરાંત આ વખતે બિનજરૂરી પ્રોજેક્ટ્સ કોરાણે મુકાશે. સરકારની ગ્રાન્ટમાંથી શક્ય હોય તેવા પ્રોજેક્ટનો સમાવેશ કરાશે. ઉપરાંત મિલકતવેરા અને યૂઝર ચાર્જમાં વધારો આવશે એ નક્કી છે, પરંતુ નાના અને મધ્યમ વર્ગના લોકો પર ઓછો બોજ આવે તેવા નુસખા શોધાઇ રહ્યાં છે. ખાસ કરીને ૧૦૦ ચો.મી. સુધીનું ક્ષેત્રફળ ધરાવતી રહેણાંક મિલકતો અને નાના દુકાનદારો પર મિલકતવેરાનો બોજ ના આવે તેનું ધ્યાન રખાશે.

### કોના માટે વોટર મીટર ફરજિયાત...

૨૦૦ ચોરસ મીટરથી વધુ ક્ષેત્રફળ ધરાવતા રહેણાંક મકાનો, ફ્લેટ, બંગલા માટે વોટર મીટર ફરજિયાત બનાવવામાં આવી શકે તેવી શક્યતા છે. હાલ એક ઈંચથી મોટાં કનેક્શનો, કોમર્શિયલ મિલકતો, એપાર્ટમેન્ટોમાં ફરજિયાત વોટર મીટર ફિટ કરવામાં આવે છે. જ્યારે આગામી વર્ષથી ૨૦૦ ચો.મી.થી વધુ ક્ષેત્રફળ ધરાવતાં રહેણાંક મકાનો, બંગલા માટે પણ જો અડધો ઈંચનું નળ કનેક્શન હોય તો પણ, વોટર મીટર ફરજિયાત બનાવવાની વિચારણા થઇ રહી છે.

# સ્થાયી સમિતિ ચેરમેનની બજેટ પર મેરેથોન મીટિંગ
# કોટ વિસ્તારમાં મસ્કતિને ફરી ફુલફ્લેજ કરાશે

**તમામ** વિભાગ અને ઝોનના અધિકારીઓ સાથે બજેટમાં જે જે કામોની જોગવાઈ છે, તેના સ્ટેટસ અંગે માહિતી લીધી

### સેન્ટ્રલ ઝોનમાં 92 સીસી રોડ બનાવવા કવાયત

સ્થાયી સમિતિ ચેરમેન પરેશ પટેલે જણાવ્યું હતું કે, સેન્ટ્રલ ઝોનમાં બજેટમાં કોઇ મોટા પ્રોજેક્ટ મૂકી શકાતા નથી. પરંતુ આ ઝોનના મોટા ભાગના રસ્તાને સીસી રોડ બનાવવાનું પ્લાનિંગ છે. તે પૈકી છ રસ્તા બની ગયા છે, અને ફેબ્રુવારી-માર્ચમાં વધુ 25 રસ્તા આઇડેન્ટિફાઇ કર્યા છે. જેનું કામ ચાલુ થઇ જાય તેવી કવાયત હાથ ધરાઇ છે, આ તમામ મળી નવા નાણાકીય વર્ષમાં સેન્ટ્રલ ઝોનના કુલ 92 રસ્તા સીસી બનાવવાનું આયોજન કરાશે.

સુરતઃ આગામી બજેટ માટે મનપા કમિશનર શાલિની અગ્રવાલે તૈયારીઓ શરૂ કરી દીધી છે. ત્યારે સ્થાયી ચેરમેન પરેશ પટેલે ચાલુ નાણાંકીય વર્ષ 2022-23ના બજેટમાં કરાયેલી જોગવાઇઓની સ્થિતિ અંગે તમામ ઝોન અને વિભાગના અધિકારીઓ સાથે મીટિંગ યોજી હતી, જેમાં વર્ષ 2023-24ના બજેટમાં ક્યાં ક્યાં કામો સમાવવા એ અંગે પણ સૂચનો કર્યાં હતાં. ખાસ કરીને એક સમયે કોટ વિસ્તાર માટે આશીર્વાદ એવી મસ્કતિને ફરી ફુલફ્લેજના આયોજનને નવા બજેટમાં સમાવવા પણ સૂચના આપી હતી.

ચેરમેન પરેશ પટેલે જે-તે વિભાગ અને ઝોનના અધિકારીઓને વર્તમાન નાણાકીય વર્ષના બજેટમાં જે જે કામોની જોગવાઇ કરવામાં આવી હતી તે કામો ક્યાં પહોંચ્યાં? જે કામો ચાલુ નથી કરી શકાયાં એ કયાં કારણોસર નથી થયાં? વગેરેનો રિવ્યુ લીધો હતો. દરેક ઝોનમાં 50-50 બેડની એક-એક હોસ્પિટલ શરૂ કરવાની જોગવાઇ કરી હતી, તેમાંથી ચાર ચાલુ થઇ ચૂકી છે. હવે બાકીની પાંચનું સ્ટેટસ શું છે તે માહિતી લીધી હતી અને કોટ વિસ્તારમાં મૃતઃપ્રાય બની રહેલી મસ્કતિ હોસ્પિટલને ફરી ફુલફ્લેજ ચાલુ કરી તેમાં 120 બેડ કાર્યરત કરવા માટે નવા બજેટમાં આયોજન કરવા સૂચના આપી હતી.

### લાફિંગ બુદ્ધા ઉપર લોકો હસે તેવી સ્થિતિ





■ સુરત મહાનગર પાલિકાએ શહેરની સુંદરતા વધારવા જુદાં જુદાં સર્કલ ઉપર સ્કલ્પચર્સ તો મૂકી દીધાં છે. પરંતુ સુરત મહાનગર પાલિકાના અધિકારીઓના પાપે આ સર્કલ શહેરની સુંદરતા ઉપર કાળો ધબ્બો સાબિત થઇ રહ્યાં છે. નાનપુરા કદમ્પપલ્લી સોસાયટી નજીકના સર્કલ ઉપર લાફિંગ બુદ્ધા મૂકવામાં આવ્યો છે. પરંતુ સ્થિતિ એ છે કે, લોકો તેની ઉપર હસી રહ્યાં છે કારણ કે, રખરખાવના અભાવે તેના હાથ પર ઝાડી ઊગી નીકળી છે. **(તસવીર : હેમંત ડેરે)**

# સી.એ. અને ધો.12ની વિદ્યાર્થિનીએ ફાંસો ખાઇ જીવન ટૂંકાવ્યાં

**બે** દિવસમાં ચાર વિદ્યાર્થીઓએ આપઘાત કરી લીધા

સુરત : શહેરમાં છેલ્લા થોડા દિવસોથી અભ્યાસમાં નબળા હોવાથી વિદ્યાર્થીઓના આપઘાતનું પ્રમાણ ચિંતાજનક રીતે વધી રહયું છે. કેમકે છેલ્લા ચાર દિવસમાં ત્રણ વિદ્યાર્થિની અને એક વિદ્યાર્થીએ આપઘાત કરી લીધાના બનાવો બન્યા છે. જેમાં આજે વહેલી સવારે વરાછા વિસ્તારમાં એક સી.એ.ની વિદ્યાર્થીની અને ઉન ભીંડી બજાર ધો.૧૨ કોમર્સની વિદ્યાર્થિનીએ અભ્યાસના ટેન્શનમાં ફાંસો ખાઇને આત્મહત્યા કરી લીધી હોવાનું નોંધાયું છે.

મળતી વિગત મુજબ વરાછા રોડ પર રંગઅવધુત સોસાયટીમાં રહેતા મુળ ભાવનગરના મહુવાના વતની એવા મરીમસાલાના વેપારી કિશોરભાઇ મકવાણાની 27 વર્ષીય પુત્રી હેતલે સવારે સાડા સાત વાગ્યાના અરસામાં ઘરે ફાંસો ખાઇ આપઘાત કરી લીધો હતો. કિશોરભાઇ મકવાણાના ફઇના પુત્રના બુધવારે લગ્ન છે ત્યારે પિતરાઇના લગ્નના એક દિવસ પહેલાં જ હેતલે આપઘાત કરી લેતા શુભ પ્રસંગ વચ્ચે માતમ છવાઈ ગયો હતો. જોકે ઘરના અમુક સભ્યોનેજ જાણ કરાઇ છે. હેતલ સીએનો એકસર્ટનલ અભ્યાસ કરી રહી હતી અને ત્રણેક વખત ફેઇલ થઇ હતી. તેથી આપઘાત કરી લીધો હોવાનું મનાઇ રહયું છે.

જયારે ઉનના ભીંડી બજાર નજીક રહેમત નગરમાં રહેતા કૈલાશભાઇ કોઠારી મોચી કામ કરી પત્ની સહિત ત્રણ સંતાનોનું ભરણપોષણ કરે છે. તેમની ૧૭ વર્ષીય પુત્રી કાજલ કોઠારીએ વહેલી સવારે પોતાના બાથરૂમમાં એંગલ સાથે દુપટ્ટો બાંધી ફાંસો ખાઇ આયખુ ટુંકાવ્યુ હતું. કાજલ ધો.૧૨ કોમર્સમાં એક્સટર્નલ અભ્યાસ કરતી હતી.

સવારે ૬ વાગ્યે ટ્યુશન કલાસ પણ જતી હતી. રાબેતા મુજબ આજે વહેલી સવારે ૫ વાગ્યે કાજલ ટ્યુશને જવા માટે ઉઠી હતી.અને બાથરૂમમાં જઈ અણધાર્યું પગલુ ભરી લીધું હતું. તે જ સમયે ભાઇ ઉઠી જતા બાથરૂમમાં જોતા બહેન ફાંસો ખાધેલી હાલતમાં મળી આવી હતી. જેથી તેણીને સિવિલ હોસ્પિટલમાં ખસેડાઈ હતી. જ્યાં તેણીને મૃત જાહેર કરી હતી.

# લિંબાયત ઝોન દ્વારા માર્કેટ વિસ્તારમાં વધુ 616 મિલકત સીલ કરાઈ

**સીલિંગના** પગલે ઘણા દુકાનદારોએ સ્થળ પર જ વેરો ભરી દીધો

**લિંબાયતમાં** વેરા વસૂલાતનો કુલ આંક 151 કરોડને પાર થયો

સુરતઃ લિંબાયત ઝોનમાં વેરા વસૂલાત વિભાગના સ્ટાફ દ્વારા સતત ત્રીજા દિવસે માર્કેટ વિસ્તારમાં વેરા વસૂલાત ઝુંબેશ અંતર્ગત રિંગ રોડ પર ગુડલક માર્કેટ, ગોલવાલા માર્કેટ, મિલેનિયમ માર્કેટ, અભિષેક માર્કેટ, સાગર માર્કેટ, સિલ્ક સિટી માર્કેટ, સુરત ટેક્ષા. માર્કેટ, ૪૫૧ ટેક્ષા. માર્કેટ, સર્વોદય માર્કેટ, સોમેશ્વર માર્કેટ, શિવકૃપા માર્કેટ, ગૌતમ માર્કેટ, જય મહાવીર, અનમોલ, હરિહર માર્કેટ, સિલ્ક પ્લાઝા, રેશમવાલા, અરિહંત માર્કેટ, હીરામોતી માર્કેટ, ટ્રેડ સેન્ટર, શ્રીજી માર્કેટ, સ્વદેશી માર્કેટ, સિટી ટેક્ષા., સાંઈકૃપા માર્કેટ, સાંઈ દર્શન માર્કેટ તથા સુપર ટેક્ષા. ટાવર વગેરે માર્કેટોમાં વેરા વસૂલાતની ઝુંબેશ ચાલુ રાખી હતી.

આ ઝુંબેશ દરમિયાન લાંબા સમયથી વેરો ભરપાઈ ન કરતા કરદાતાઓ સામે લાલ આંખ કરવામાં આવી હતી. તેમજ ૬૧૬ મિલકતને ટાંચમાં લઈ સીલ મારી દેવાયાં હતાં. તેથી ફફડી ઊઠેલા ઘણા મિલકતદારોએ સ્થળ પર જ રૂ.૪૫,૦૦,૦૦૦ ભરપાઈ કરી દીધા હતા. તેમજ લિંબાયત ઝોન દ્વારા એક જ દિવસમાં રૂ.૬૫,૦૦,૦૦૦ મિલકત વેરા પેટે વસૂલ કર્યા હોવાથી લિંબાયત ઝોનનો વેરા વસૂલાતનો કુલ આંક રૂ.૧૫૧.૬૩ કરોડ થઇ ગયો છે.

# બાળમજૂરી કરાવનારની ખેર નથી, કડક પગલાં લેવા કલેક્ટર તંત્ર સજ્જ

**આગામી** દિવસોમાં ટેક્સટાઈલ માર્કેટસ, જરી ઉદ્યોગો અને ખાણીપીણીની લારીઓ પર બાળમજૂરી અંગેના કાયદાઓનાં પોસ્ટર લગાડવામાં આવશે

### કેવું ! ચાર રેડમાં ચાર જ બાળશ્રમિકો મળ્યા

બેઠકમાં મદદનીશ શ્રમ આયુક્ત એસ.એસ.દૂબે વિગતો આપતા જણાવ્યું કે, ડિસેમ્બર મહિનામાં ટાસ્કફોર્સ દ્વારા હોટલ, ચાની લારી, રેસ્ટોરન્ટમાંથી કુલ ચાર રેડ કરવામાં આવી હતી, જેમાં વિવિધ વ્યવસાય સાથે જોડાયેલા 14 વર્ષથી નાની ઉંમરના કુલ 4 બાળશ્રમિકોને રેસ્ક્યુ કરી તેમના પુનઃવસનની કામગીરી અંગેની વિગતો આપી હતી. મુક્ત કરવામાં આવેલા બાળકોમાં 2 ગુજરાતના, 2 બિન ગુજરાતી જેમાં એક માલિક સામે એફઆઇઆર કરવામાં આવી હોવાની વિગતો શ્રમ આયુકત અધિકારીએ આપી હતી.

સુરતઃ બાળમજૂરી કરાવનાર ઉદ્યોગકારોથી લઈને સામાન્ય લારી-ગલ્લાં અને રેસ્ટોરન્ટવાળા ચેતી જાય નહિં તો તેમની સામે સરકાર દ્વારા આગામી દિવસોમાં કાયદાકિય કાર્યવાહી કરવામાં આવશે. 14 વર્ષથી નીચેની વયનાં બાળકો પાસે કરાવવામાં આવતી મજૂરી ગેરકાયદે હોવા છતાં નાનીવયનાં બાળકો મજબૂરીથી બાળમજૂરીમાં ધકેલાઈ જાય છે. બાળમજૂરી કરાવતા ઈસમો સામે તંત્ર લાલ આંખ કરવા તૈયાર છે અને તે માટે આજરોજ સુરત જિલ્લાના નિવાસી અધિક કલેકટરની અધ્યક્ષતામાં ચાઈલ્ડ લેબર ટાસ્ક ફોર્સ કમિટીની બેઠક યોજાઈ હતી. જેમાં ડિસેમ્બર મહિનામાં બાળમજૂરી નાબૂદી અભિયાન હેઠળ કરવામાં આવેલી કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી. બાળમજુરી નાબુદી માટે વધુમાં વધુ જાગૃતિ આવે તેવા આશયથી ચાઈલ્ડ લેબર અંગેના કાયદાઓને લગતા પોસ્ટરો તથા બેનરો ટેકસટાઈલ, જરી ઉદ્યોગો, ખાણીપીણીની લારીઓ તેમજ અન્ય જાહેર જગ્યાઓ પર લગાવવામાં આવે તે અંગે ઝાલાએ જરૂરી સુચનો કર્યા હતા.

બેઠકમાં નિવાસી અધિક કલેકટરએ બાળમજૂરીમાંથી રેસ્કયુ કરવામાં આવેલા બાળશ્રમિકોના પુનઃવસવાટ માટે તેમજ બાળમજુરી અંગે વધુમાં વધુ જાગૃતિ કેળવાય તે માટે સૌને સાથે મળી કાર્ય કરવાનો અનુરોધ કર્યો હતો. બાળશ્રમિકોનું ભવિષ્ય અંધકારમય ન બને એ માટે બાળમજૂરી કરાવતા લોકો સામે કડક કાયદાકીય કાર્યવાહી કરવામાં આવે તે માટેના જરૂરી સુચનો કર્યા હતા.

## વરાછાના અટલજીનગરમાં યુવકનો આપઘાત

સુરતઃ વરાછાના અટલજીનગરમાં રહેતા એક યુવકે આપઘાત કરી લીધો હતો. વરાછાના અટલજીનગરમાં રહેતા મહાદુ લક્ષ્મણભાઈ વાની (ઉં.વ.21) રોલ પાલિશનું મજૂરીકામ કરી પરિવારનું ગુજરાન ચલાવતો હતો. અને તે માતા સાથે રહેતો હતો. મહાદુએ સોમવારે રાત્રે પોતાની ગેલેરીમાં છતની હૂક સાથે દુપટ્ટો બાંધી ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. ઘટનાની જાણ પરિવાર તથા પોલીસને કરવામાં આવી હતી. પોલીસના જણાવ્યા મુજબ મહાદુના પિતાનું ત્રણ વર્ષ પહેલાં કોઈ કારણોસર અવસાન થયું હતું. ત્યારથી તે માતા અને પરિવાર સાથે રહેતો હતો. તેણે પ્રેમપ્રકરણમાં આ પગલું ભર્યુ હોય તેવી શક્યતા સેવાઈ રહી છે.

# દિલ્હીમાં બળાત્કારના ગુનાનો વોન્ટેડ આરોપી સુરત આવ્યો અને ઝડપાયો

**બિહારની** 15 વર્ષની કિશોરીને પ્રેમજાળમાં ફસાવી બળાત્કાર કર્યો હતો

સુરત : દિલ્હીના બળાત્કાર કેસમાં વોન્ટેડ આરોપીને સચીન પોલીસે ઝડપી પાડ્યો હતો. દિલ્હીમાં બળાત્કારના વોન્ટેડ આરોપી સચિન તુલસી હોટલની બાજુમાં આવેલા બાબા હોન્ડા શોરૂમ પાસે થોડીવારમાં આવનાર હોવાની બાતમીના આધારે સચીન પોલીસે વોચ ગોઠવીને અલીબુલ સેરાજુલ અંસારી (ઉ.વ.૨૨, રહે. હાલ સુડા સેક્ટર - ૨ સચિન) ને ઝડપી પાડ્યો હતો. આરોપીની પુછપરછ કરતા દિલ્હીના ગાંધીનગર પોલીસ સ્ટેશનમાં થોડા દિવસ પહેલા જ તેની સામે બળાત્કારની ફરિયાદ નોંધાઈ હતી. સચિન પીઆઈ આર.આર.દેસાઈ તથા તેમની ટીમ દ્વારા આરોપીની પુછપરછ કરતા જાણવા મળ્યું હતું કે, આરોપી બિહારથી 15 વર્ષની કીશોરીને પ્રેમજાળમાં ફસાવી ભગાડી ગયો હતો. દિલ્હીમાં કીશોરી સાથે દુષ્કર્મ કરી તરછોડીને પોતે બિહાર ભાગી ગયો હતો. કીશોરીએ દિલ્હીમાં તેની સામે બળાત્કારની ફરિયાદ દાખલ કરાવતા પોલીસે તપાસ હાથ ધરતા તે 15 દિવસ પહેલા બિહારથી સુરત ભાગી આવ્યો હતો. અને એ દરમિયાન સચિન પોલીસને બાતમી મળતા તેને દબોચી લઈ દિલ્હી પોલીસને સોંપવા તજવીજ હાથ ધરી છે.

# ટેબલ ટેનિસ નેશનલ ચેમ્પિયનશીપમાં ગુજરાતનાં સાત ખેલાડી અંડર-13ના મેઈન ડ્રોમાં પ્રવેશ્યાં

સુરતઃ ઇનડોર સ્ટેડિયમ ખાતે યોજાયેલી નેશનલ રેન્કિંગ ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપ-2022માં મંગળવારે સાત ખેલાડીએ અંડર-13માં મેઈન ડ્રોમાં પ્રવેશ મેળવ્યો હતો.

બોયઝ કેટેગરીમાં અમદાવાદના માલવ પંચાલ, વિહાન તિવારી તથા સુરતના માનવ મહેતા, સમર્થસિંઘ શેખાવતે તેમની ક્વોલિફાઈંગ રાઉન્ડની મેચો આસાનીથી જીતીને આગેકૂચ કરી હતી. દરમિયાન અમદાવાદની મૌબિની ચેટરજી, જિયા ત્રિવેદી તથા ભાવનગરની ચાર્મી ત્રિવેદીએ અંડર-13 ગર્લ્સ વિભાગમાં ગુજરાતની આશા જીવંત રાખી હતી. સવારના સત્રમાં અંડર-11 કેટેગરીમાં ગુજરાતના તમામ ખેલાડી હ્રિદાન પટેલ, દાનિયા ગોદીલ, ખ્વાઈશ લોટિયા અને વિન્સી તન્નાએ પ્રિ-ક્વાર્ટર ફાઈનલ રાઉન્ડમાં પ્રવેશ કર્યો હતો.

### ક્વોલિફાઈંગ રાઉન્ડમાં ગુજરાતના ખેલાડીઓનાં પરિણામ

**બોય્ઝ અંડર-13**

માલવ પંચાલ જિત્યા વિરુદ્ધ મુદિત માલપાણી 3-0 (11-2, 11-2, 11-3); માનવ મહેતા જિત્યા વિરુદ્ધ વંદન સુતરિયા 3-0 (11-4, 11-7, 11-5); વિહાન તિવારી જિત્યા વિરુદ્ધ સાર્થ શાસ્ત્રી 3-0 (11-5, 11-9, 11-8); સમર્થ સિંઘ જિત્યા વિરુદ્ધ શ્રીરાજ સિંઘ 3-1 (9-11, 11-3, 11-7, 11-7).

**ગર્લ્સ અંડર-13**

મોબિની ચેટરજી જિત્યા વિરુદ્ધ માહી રાજપૂત 3-0 (11-5, 11-4, 11-3); જિયા ત્રિવેદી જિત્યા વિરુદ્ધ સ્નિગ્ધા દાસ 3-1 (11-8, 11-5, 7-11, 12-10); ચાર્મી ત્રિવેદી જિત્યા વિરુદ્ધ અવની ફોગાટ 3-1 (10-12, 11-4, 12-10, 11-9).

# ઓરિસ્સામાં 200 લોકોના ટોળા વચ્ચે ઘૂસી ક્રાઇમ બ્રાન્ચે બે રીઢા આરોપીને ઝડપી

**બાર** વર્ષથી ચિત્રા અને ગુન્ડી નામના આરોપીઓ સુરતમાં એનડીપીએસ એક્ટના ગુનામાં વોન્ટેડ હતા

### ગાંજાની હેરફેર મામલે બંને સામે ગુના દાખલ હતા

સુરતમાં છેલ્લાં બાર વર્ષથી આ આરોપીઓ પોલીસ ચોપડે વોન્ટેડ હતા. પકડાયેલા આરોપીઓ પૈકી ચિત્રા પર પુણા પોલીસમથક, કતારગામ પોલીસમથક, ઓલપાડ અને ભુવનેશ્વર એસટીએફ ખાતે ગાંજાની હેરફેર અન્વયે એનડીપીએસના ગુના દાખલ થયા છે. જ્યારે અન્ય આરોપી ગુન્ડી પરીંદા સામે ડીસીબીમાં એક અને કતારગામમાં એનડીપીએસ અન્વયે ગુના દાખલ કરવામાં આવ્યા હોવાની વિગત જાણવા મળી છે.

સુરતઃ ગાંજાના કેસમાં મોસ્ટ વોન્ટેડ આરોપીઓને ઓરિસ્સા એસટીએફની મદદથી સુરત ક્રાઇમ બ્રાન્ચે પકડી દીધા હતા. ગંજામ જિલ્લામાંથી આરોપી પૈકી (1) ચિત્રા ઉર્ફે ચિત્રસેન વૃંદાવન પરીંદા, (2) ગુન્ડી વૃંદાવન પરીંદા વર્ષ 2009-10થી વોન્ટેડ હતાં. આ આરોપીઓ પર દસ હજારનું ઇનામ પણ જાહેર કરાયું હતું. આ ખુંખાર આરોપીઓના ઘરમાં ઘૂસીને ક્રાઇમ બ્રાન્ચ દ્વારા દરોડાની કાર્યવાહી કરવામાં આવી હતી. દરમિયાન 200 કરતા વધારે લોકોના ટોળા દ્વારા પોલીસ પર હુમલો કરવામાં આવ્યો હતો. પરંતુ સુરત ક્રાઇમ બ્રાન્ચ અને સ્થાનિક પોલીસ કુમક આરોપીઓને તેમના ઘરમાંથી પકડીને સુરત લાવવામાં સફળ રહી હતી.

આ અંગે પ્રાપ્ત વિગતો અનુસાર સુરત ક્રાઇમ બ્રાન્ચ દ્વારા છત્રાપુર-ગંજામ, એસડીપીઓ-છત્રાપુર કુંડાલા પોલીસ સ્ટેશન સાથે સંયુક્ત ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. દરમિયાન પોલીસ દ્વારા રાત્રિના એક વાગ્યે આ ખુંખાર આરોપીઓના ઘરમાં દરોડા કરવામાં આવ્યા હતા. આ દરોડામાં ચિત્રા ઉર્ફે ચિત્રસેન અને ગુન્ડીને પકડવામાં આવતાં તેઓએ બૂમબરાડા પાડ્યા હતા. દરમિયાન ગ્રામજનોને પોલીસ આવી હોવાની જાણ થતાં જ બસો લોકોનું ટોળું ઘાતક હથિયારો સાથે ધસી આવ્યું હતું. ક્રાઇમ બ્રાન્ચ અને સ્થાનિક પોલીસ દ્વારા આ ટોળાની વચ્ચેથી આ બે ખુંખાર આરોપીઓને પકડીને ગામ બહાર કાઢવામાં સફળતા મળી હતી.


એમએસએમઈ સહારા દરવાજા શાખા, જી-૧/બી અને ૧/એ, સુરાના ઈન્ટરનેશનલ, સહરા દરવાજા, રીંગ રોડ, સુરત-૩૯૫૦૦૨.
ઈમેઈલ : VJMSUR@bankofbaroda.com
बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda

જામીનદારને ડિમાન્ડ નોટિસ તારીખ : ૧૯/૧૨/૨૦૨૨

(જે સરફેસી એક્ટ ૨૦૦૨ના સેક્શન ૧૩ના પેટા સબ સેક્શન (૨) અન્વયે)

પ્રતિ, શ્રીમતી વૈશાલીબેન વિપુલભાઈ બોઘાણી (જામીનદાર)
બી-૧૩, સ્નેહમિલન સોસાયટી-૨, નાના વરાછા રોડ, સુરત, ગુજરાત-૩૯૫૦૦૬.

વિષયઃ સીકયુરીટાઈઝેશન અને રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્શાચીલ એસેટસ્ અને એન્ફોર્સમેન્ટ ઓફ સીકયોરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨,ના સેકશન ૧૩(૨) જે હવે ''કાયદા'' તરીકે ઓળખાય છે. જે ખાતા મેસર્સ ઘનશ્યામ ફેબ : શ્રી વિપુલભાઈ હકુભાઈ બોઘાણી

સાહેબ શ્રી/શ્રીમતી

સંદર્ભ : મેસર્સ ઘનશ્યામ ફેબ : શ્રી વિપુલભાઈ હકુભાઈ બોઘાણી લોન ખાતા નં. ૮૯૯૧૦૬૦૦૦૦૦૫૦૯ અને ૮૯૯૧૦૬૦૦૦૦૨૯૦૧ ને આપવામાં આવેલી કેડીટ સુવિધાઓ માટે આપની જામીનગીરી.

(૧) તમે જાણો છો કે તમે તા.૦૧/૧૧/૨૦૧૮ ના રોજ ગેરન્ટી આપેલ છે કે તમામ જવાબદારીઓ અને ફરજો પૂર્ણ કરવાની ગેરન્ટી આપેલ અથવા ત્યાર પછી કોઈ પણ સમયે ખાતા મેસર્સ ઘનશ્યામ ફેબ : શ્રી વિપુલભાઈ હકુભાઈ બોઘાણી ને કેડીટ રૂા.૮૫,૨૯,૦૦૦.૦૦ ઉપરાંત તેના પરના વ્યાજ સહિત, જે આ ગેરન્ટી દસ્તાવેજોમાં ઉલ્લેખિત છે.
(૨) અમે તમને સુચિત કરીએ છીએ કે દેવાદારો તેમની નાણાકીય જવાબદારીઓ ચુકવવામાં કસુરવાર સાબિત થયા છે તેથી તેમના એકાઉન્ટને તા.૨૯/૧૧/૨૦૨૨ ના રોજ નોનપરફોર્મિંગ એકાઉન્ટ તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યુ છે. સિકયુરીટાઈઝેશન રીકન્સ્ટ્રકશન ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ની કલમ ૧૩(૨) હેઠળ તા.૧૯/૧૨/૨૦૨૨ની નોટીસ અમારા દ્વારા દેવાદારોને મોકલી દેવામાં આવી હતી. જે અહીં સામેલ છે. દેવાદારો કસૂરવાર સાબિત થયા છે જે તેમણે અમને ચુકવવાની હતી. બાકી ચઢેલા લેણાં/લોન/કેડીટ સુવિધાઓ રૂા.૮૨,૩૫,૦૧૫.૫૯ (રૂપિયા બ્યાંસી લાખ પાંત્રીસ હજાર પંદર ઓગણસાઈઠ પૈસા પુરા)( ન ચઢેલ વ્યાજ+ સેવા વિનાનું વ્યાજ+ ચકવૃધ્ધિ વ્યાજ રૂા.૩,૧૨,૮૧૫.૧૪ ) + વધારાનું વ્યાજ+ અન્ય ખર્ચાઓ અમો અહીં ગેરન્ટીની માંગણી કરીને તમને નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી ૬૦ દિવસની અંદર અમારી બાકીની રકમ ચુકવી દેવાનું જણાવવામાં આવે છે. કૃપા કરીને નોંધ લેશો કે દેવાદારોને આપવામાં આવેલી તા.૧૯/૧૨/૨૦૨૨ ની નોટીસના પેરા ૧ પ્રમાણે નિર્ધારીત કરવામાં આવેલા દરો પ્રમાણે વ્યાજ ચાલુ રહેશે.(કોપી સંલગ્ન)
(૩) અમે તમને આગળ જણાવવા માંગીએ છીએ કે કરજદારે લીધેલી લોન અને એડવાન્સ રકમ ચુકવવા માટે તેમના દ્વારા અમને પુરી પાડવામાં આવેલી સુરક્ષાના સંદર્ભમાં ૬૦ દિવસની આ નોટીસને સિકયુરીટાઈઝેશન રીકન્સ્ટ્રકશન ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ ની કલમ (૧૩) ની પેટા કલમ (૨) પ્રમાણેની નોટીસ ગણવામાં આવશે. અમે તમને નોટીસ પાઠવીએ છીએ કે જો ઉપરોકત જણાવ્યા પ્રમાણે ની રકમ તથા ચુકવણી તારીખ સુધી વ્યાજ સહિતની રકમ નહીં ચુકવવામાં આવે તો આ ધારાની કલમ ૧૩ ની પેટા કલમ(૪) હેઠળ તમામ કે કોઈ અધિકાર ભોગવવાની સ્વતંત્રતા અમને રહેશે.
(૪) અમે આગળ તમને જણાવીને તમારું ધ્યાન એકટ ૧૩ની પેટા કલમ (૮) તરફ દોરીએ છીએ કે, સુરક્ષિત મિલકત જે, તમારા દ્વારા બેંકને સુપરત કરેલ છે તે તમારી મિલકત તમામ કિંમતો, ચાર્જીસ અને ખર્ચાઓ સહિતની બાકી રકમ બેંકને જાહેર હરાજી/કવોટેશનના આમંત્રણ/ટેન્ડર/ખાનગી સોદાની જાહેર નોટિસની પ્રસિધ્ધીની તારીખ પૂર્વે સંપૂર્ણ ચુકતે કરી પાછી મેળવી લેશો.
(૫) અમે તમારું ધ્યાન આ ધારાની કલમ ૧૩ની પેટા કલમ (૧૩) તરફ દોરવા માંગીએ છીએ જે ધારાની પરિભાષામાં તમે અમારી લેખિત મંજૂરી વગર નોટીસમાં દર્શાવેલી સંપત્તિ વેચાણ દ્વારા કે લીઝ દ્વારા કે કોઈ અન્ય રીતે હસ્તાંતરીત કરી શકશો નહીં. અમે એ પણ જણાવીએ છીએ કે આ ધારાની કલમ ૧૩(૧૩) હેઠળની ઉપરોકત જોગવાઈઓનું પાલન ન થાય તો તે આ ધારાની કલમ ૨૯ હેઠળ દંડનીય અપરાધ છે.
(૬) કૃપા કરીને ધ્યાન આપો કે આ ડિમાન્ડ નોટીસ કોઈ પણ પ્રકારના પૂર્વગ્રહ વગર છે અને તેને અમારા કોઈ પણ પ્રકારના હક કે અમારા બાકી નીકળતા લેણાનાં સંબંધમાં વધારે માંગ કરવા માટે માંડવાળ તરીકે ગણવામાં નહીં આવે.

સ્થળ : સુરત સહાયક મહા પ્રબંધક અને અધિકૃત અધિકારી,
તારીખ : ૧૯/૧૨/૨૦૨૨ બેંક ઓફ બરોડા, સુરત.

(નોટીસ અંગ્રેજી ભાષા કરતા જો અન્ય ભાષામાં હોય તો, કોઈપણ કાયદાકીય ગૂચવણ હેતુ, અંગ્રેજી ભાષાની નોટીસ જ માન્ય રહેશે)



એમએસએમઈ સહારા દરવાજા શાખા, જી-૧/બી અને ૧/એ, સુરાના ઈન્ટરનેશનલ, સહરા દરવાજા, રીંગ રોડ, સુરત-૩૯૫૦૦૨.
ઈમેઈલ : VJMSUR@bankofbaroda.com
बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda

જામીનદારને ડિમાન્ડ નોટિસ તારીખ : ૧૯/૧૨/૨૦૨૨

(જે સરફેસી એક્ટ ૨૦૦૨ના સેક્શન ૧૩ના પેટા સબ સેક્શન (૨) અન્વયે)

પ્રતિ, શ્રી પરસોત્તમભાઈ હકુભાઈ બોઘાણી (જામીનદાર અને મોર્ગેજર)
બી-૧૩, સ્નેહમિલન સોસાયટી-૨, નાના વરાછા રોડ, સુરત, ગુજરાત-૩૯૫૦૦૬.

વિષયઃ સીકયુરીટાઈઝેશન અને રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્શાચીલ એસેટસ્ અને એન્ફોર્સમેન્ટ ઓફ સીકયોરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨,ના સેકશન ૧૩(૨) જે હવે ''કાયદા'' તરીકે ઓળખાય છે. જે ખાતા મેસર્સ ઘનશ્યામ ફેબ : શ્રી વિપુલભાઈ હકુભાઈ બોઘાણી

સાહેબ શ્રી/શ્રીમતી

સંદર્ભ : મેસર્સ ઘનશ્યામ ફેબ : શ્રી વિપુલભાઈ હકુભાઈ બોઘાણી લોન ખાતા નં. ૮૯૯૧૦૬૦૦૦૦૦૫૦૯ અને ૮૯૯૧૦૬૦૦૦૦૨૯૦૧ ને આપવામાં આવેલી કેડીટ સુવિધાઓ માટે આપની જામીનગીરી.

(૧) તમે જાણો છો કે તમે તા.૦૧/૧૧/૨૦૧૮ ના રોજ ગેરન્ટી આપેલ છે કે તમામ જવાબદારીઓ અને ફરજો પૂર્ણ કરવાની ગેરન્ટી આપેલ અથવા ત્યાર પછી કોઈ પણ સમયે ખાતા મેસર્સ ઘનશ્યામ ફેબ : શ્રી વિપુલભાઈ હકુભાઈ બોઘાણી ને કેડીટ રૂા.૮૫,૨૯,૦૦૦.૦૦ ઉપરાંત તેના પરના વ્યાજ સહિત, જે આ ગેરન્ટી દસ્તાવેજોમાં ઉલ્લેખિત છે.
ઈકવીટેબલ મોર્ગેજ ની તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાવર મિલકત જમીન હેક.-આરે ૦-૬૯-૮૧ ચો.મીટર્સ., આકાર રૂા. ૧૧.૩૦ પૈસા, ખાતા નં. ૧૫૦૨ જે મોજેઃ ગામઃ વાલેજ, તાલુકાઃ વાલોડ, જીલ્લાઃ તાપી. જે શ્રી પરસોત્તમભાઈ હકુભાઈ બોઘાણી ના નામની અને જેની ચર્તુઃદિશા : પૂર્વેઃ બ્લોક નંબરો ૧૫૦૩ અને ૧૫૦૧, પશ્ચિમે :બ્લોક નંબરો ૧૫૦૮ અને ૧૫૦૯ , ઉત્તરે : જાહેર રસ્તો, દક્ષિણે : બ્લોક નંબરો ૧૪૯૧ અને ૧૪૯૨.
(૨) અમે તમને સુચિત કરીએ છીએ કે દેવાદારો તેમની નાણાકીય જવાબદારીઓ ચુકવવામાં કસુરવાર સાબિત થયા છે તેથી તેમના એકાઉન્ટને તા.૨૯/૧૧/૨૦૨૨ ના રોજ નોનપરફોર્મિંગ એકાઉન્ટ તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યુ છે. સિકયુરીટાઈઝેશન રીકન્સ્ટ્રકશન ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ની કલમ ૧૩(૨) હેઠળ તા.૧૯/૧૨/૨૦૨૨ની નોટીસ અમારા દ્વારા દેવાદારોને મોકલી દેવામાં આવી હતી. જે અહીં સામેલ છે. દેવાદારો કસૂરવાર સાબિત થયા છે જે તેમણે અમને ચુકવવાની હતી. બાકી ચઢેલા લેણાં/લોન/કેડીટ સુવિધાઓ રૂા.૮૨,૩૫,૦૧૫.૫૯ (રૂપિયા બ્યાંસી લાખ પાંત્રીસ હજાર પંદર ઓગણસાઈઠ પૈસા પુરા)( ન ચઢેલ વ્યાજ+ સેવા વિનાનું વ્યાજ+ ચકવૃધ્ધિ વ્યાજ રૂા.૩,૧૨,૮૧૫.૧૪ ) + વધારાનું વ્યાજ+ અન્ય ખર્ચાઓ અમો અહીં ગેરન્ટીની માંગણી કરીને તમને નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી ૬૦ દિવસની અંદર અમારી બાકીની રકમ ચુકવી દેવાનું જણાવવામાં આવે છે. કૃપા કરીને નોંધ લેશો કે દેવાદારોને આપવામાં આવેલી તા.૧૯/૧૨/૨૦૨૨ ની નોટીસના પેરા ૧ પ્રમાણે નિર્ધારીત કરવામાં આવેલા દરો પ્રમાણે વ્યાજ ચાલુ રહેશે.(કોપી સંલગ્ન)
(૩) અમે તમને આગળ જણાવવા માંગીએ છીએ કે કરજદારે લીધેલી લોન અને એડવાન્સ રકમ ચુકવવા માટે તેમના દ્વારા અમને પુરી પાડવામાં આવેલી સુરક્ષાના સંદર્ભમાં ૬૦ દિવસની આ નોટીસને સિકયુરીટાઈઝેશન રીકન્સ્ટ્રકશન ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ ની કલમ (૧૩) ની પેટા કલમ (૨) પ્રમાણેની નોટીસ ગણવામાં આવશે. અમે તમને નોટીસ પાઠવીએ છીએ કે જો ઉપરોકત જણાવ્યા પ્રમાણે ની રકમ તથા ચુકવણી તારીખ સુધી વ્યાજ સહિતની રકમ નહીં ચુકવવામાં આવે તો આ ધારાની કલમ ૧૩ ની પેટા કલમ(૪) હેઠળ તમામ કે કોઈ અધિકાર ભોગવવાની સ્વતંત્રતા અમને રહેશે.
(૪) અમે આગળ તમને જણાવીને તમારું ધ્યાન એકટ ૧૩ની પેટા કલમ (૮) તરફ દોરીએ છીએ કે, સુરક્ષિત મિલકત જે, તમારા દ્વારા બેંકને સુપરત કરેલ છે તે તમારી મિલકત તમામ કિંમતો, ચાર્જીસ અને ખર્ચાઓ સહિતની બાકી રકમ બેંકને જાહેર હરાજી/કવોટેશનના આમંત્રણ/ટેન્ડર/ખાનગી સોદાની જાહેર નોટિસની પ્રસિધ્ધીની તારીખ પૂર્વે સંપૂર્ણ ચુકતે કરી પાછી મેળવી લેશો.
(૫) અમે તમારું ધ્યાન આ ધારાની કલમ ૧૩ની પેટા કલમ (૧૩) તરફ દોરવા માંગીએ છીએ જે ધારાની પરિભાષામાં તમે અમારી લેખિત મંજૂરી વગર નોટીસમાં દર્શાવેલી સંપત્તિ વેચાણ દ્વારા કે લીઝ દ્વારા કે કોઈ અન્ય રીતે હસ્તાંતરીત કરી શકશો નહીં. અમે એ પણ જણાવીએ છીએ કે આ ધારાની કલમ ૧૩(૧૩) હેઠળની ઉપરોકત જોગવાઈઓનું પાલન ન થાય તો તે આ ધારાની કલમ ૨૯ હેઠળ દંડનીય અપરાધ છે.
(૬) કૃપા કરીને ધ્યાન આપો કે આ ડિમાન્ડ નોટીસ કોઈ પણ પ્રકારના પૂર્વગ્રહ વગર છે અને તેને અમારા કોઈ પણ પ્રકારના હક કે અમારા બાકી નીકળતા લેણાનાં સંબંધમાં વધારે માંગ કરવા માટે માંડવાળ તરીકે ગણવામાં નહીં આવે.

સ્થળ : સુરત સહાયક મહા પ્રબંધક અને અધિકૃત અધિકારી,
તારીખ : ૧૯/૧૨/૨૦૨૨ બેંક ઓફ બરોડા, સુરત.

(નોટીસ અંગ્રેજી ભાષા કરતા જો અન્ય ભાષામાં હોય તો, કોઈપણ કાયદાકીય ગૂચવણ હેતુ, અંગ્રેજી ભાષાની નોટીસ જ માન્ય રહેશે)



એમએસએમઈ સહારા દરવાજા શાખા, જી-૧/બી અને ૧/એ, સુરાના ઈન્ટરનેશનલ, સહરા દરવાજા, રીંગ રોડ, સુરત-૩૯૫૦૦૨.
ઈમેઈલ : VJMSUR@bankofbaroda.com
बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda

કરજદારને ડિમાન્ડ નોટીસ તારીખઃ ૧૯/૧૨/૨૦૨૨

(સરફેસી એક્ટ, ૨૦૦૨ના સેકશન ૧૩ના સબ-સેકશન(૨) અંતર્ગત)

પ્રતિ, (૧) મેસર્સ ઘનશ્યામ ફેબ, પ્રોપ્રાયટરઃ શ્રી વિપુલભાઈ હકુભાઈ બોઘાણી જે હકુભાઈ પાંચાભાઈ બોઘાણી ના પુત્ર,
(એ) પ્લોટ નં. ૨૭, ગાંધી ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, નવાગામ, કામરેજ, સુરત, ગુજરાત-૩૯૫૦૦૬.
(બી) ૩૮૭, આરજેડી ટેક્ષટાઈલ પાર્ક, ઈચ્છાપોર, હજીરા, સુરત, ગુજરાત-૩૯૪૫૧૦.
(સી) બી-૧૩, સ્નેહમિલન સોસાયટી, નાના વરાછા રોડ, સુરત, ગુજરાત-૩૯૫૦૦૬.

સાહેબ શ્રી,

સંદર્ભઃ અમારી એમએસએમઈ શાખા,સુરત માંથી મેળવેલ ક્રેડીટ સુવિધાઓ.

૧) અમો જણાવીએ છીએ કે, અમારા મંજૂરી પત્ર નં. BMDP:KKK:18330:107A:18-19/ તારીખ ૦૧/૧૧/૨૦૧૮, MSME/2021-22/WCTL/12 તારીખ ૩૦/૦૬/૨૦૨૧ અને MSME/2020-21/BGECLS/37 તારીખ ૧૦/૦૮/૨૦૨૦ તમારા લોન ખાતા મેસર્સ ઘનશ્યામ ફેબ, પ્રોપ્રાયટરઃ શ્રી વિપુલભાઈ હકુભાઈ બોઘાણી જે હકુભાઈ પાંચાભાઈ બોઘાણી ના પુત્ર, ને ઉપરોક્ત મંજૂરી અન્વયે તમે ક્રેડીટ ફેસીલીટી મેળવી તેનો ઉપયોગ કર્યો અને તે પણ તે માટે સિક્યુરીટી આપ્યા બાદ, જે હવે પછી જણાવેલ છે. આજે જે લ્હેણી રકમ બાકી છે વિવિધ લોન/ક્રેડીટ ફેસીલીટી અને એકાઉન્ટની અને સિક્યુરીટી ઈન્ટરેસ્ટની જે આવી જવાબદારી માટે ઉભી થઈ હતી તે નીચે મુજબ છે.

| આપેલ સુવિધા નો પ્રકાર | લીમીટ | વ્યાજનો દર | તા.૧૯/૧૨/૨૦૨૨ના રોજની બાકી | સિક્યુરીટી એગ્રીમેન્ટ સિક્યુરીટીની વિગતવાર વર્ણન સાથે |
|---|---|---|---|---|
| ટર્મ લોન (વર્કીંગ કેપીટલ ટર્મ લોન)ખાતા નં. ૮૯૯૧૦૬૦૦૦૦૨૦૯૧ *પહેલા મંજૂર થયેલ ઓવર ડ્રાફટ લીમીટ રૂા.૭૫.૦૦ લાખ જેનો ખાતા નં. ૮૯૯૧૦૪૦૦૦૦૦૦૧૯ | Rs. 75,00,000/- OD limit converted to WCTL of Rs. 71,29,000/- | 9.90 % per annum | Rs.72,65,347.60 (including unapplied interest + unserviced interest + compounding interest of Rs.2,76,480.69) + Further Interest and Other Charges. | ** ઈકવીટેબલ મોર્ગેજ મિલકતનુંવર્ણન નીચે મુજબ. |
| કોવિડ-૧૯ (BGECLS) અંતર્ગત ટર્મ લોન ખાતા નં. ૮૯૯૧૦૬૦૦૦૦૦૫૦૯ | Rs. 14,00,000/- | 10.25 % per annum | Rs.9,69,667.99 (including unapplied interest + unserviced interest + compounding interest of Rs.36,334.45) + Further Interest and Other Charges. | |
| કુલ | Rs. 85,29,000/- | | Rs.82,35,015.59 + Further Interest and Other Charges | |

**નીચે જણાવેલ મોર્ગેજ મિલકતનું વર્ણન :-
ઈકવીટેબલ મોર્ગેજ ની તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાવર મિલકત જમીન હેક.-આરે ૦-૬૯-૮૧ ચો.મીટર્સ., આકાર રૂા. ૧૧.૩૦ પૈસા, ખાતા નં. ૧૫૦૨ જે મોજેઃ ગામઃ વાલેજ, તાલુકાઃ વાલોડ, જીલ્લાઃ તાપી. જે શ્રી પરસોત્તમભાઈ હકુભાઈ બોઘાણી (જામીનદાર)ના નામની અને જેની ચર્તુઃદિશા : પૂર્વેઃ બ્લોક નંબરો ૧૫૦૩ અને ૧૫૦૧, પશ્ચિમે :બ્લોક નંબરો ૧૫૦૮ અને ૧૫૦૯ , ઉત્તરે : જાહેર રસ્તો, દક્ષિણે : બ્લોક નંબરો ૧૪૯૧ અને ૧૪૯૨.
નોંધ : ઉપર જણાવેલ મિલકત અન્ય ક્રેડિટ ફેસિલિટી ધરાવતુ ખાતું મેસર્સ સહજાનંદ ટેક્ષટાઈલ્સ, પાર્ટનરશીપ ફર્મ જેના ભાગીદારો : (૧) શ્રી પરસોત્તમભાઈ હકુભાઈ બોઘાણી, (૨) શ્રી વિપુલભાઈ હકુભાઈ બોઘાણી, (૩) શ્રી હકુભાઈ પાંચાભાઈ બોઘાણી ના ખાતા સાથે પણ મોર્ગેજ છે.
(૧)ટર્મ લોન એગ્રીમેન્ટ માટે તમે બેંક પ્રત્યેની (૧) રૂા.૭૧,૨૯,૦૦૦/- (OD account converted to WCTL) ઓવર ડ્રાફ્ટ લીમીટ/ટર્મલોન એગ્રીમેન્ટ તારીખ ૦૧/૧૧/૨૦૧૮ અને ૩૦/૦૬/૨૦૨૧ (૨) રૂા.૧૪,૦૦,૦૦૦/- (BGECLS Under Covid-19 Scheme) બાકી રકમ નીબેંક ની ગાઈડ લાઈન મુજબ અન્ય બેંક ચાર્જીસ ની જવાબદારી સ્વિકારી હતી.
(૨) તમે જાણો છો કે તમે ત્રિમાસિક અંત ૩૧/૧૨/૨૦૨૨ સુધીમાં વ્યાજ જે ઉપર મુજબની લોન/બાકી રકમ ભરપાઈ કરવામાં નિષ્ફળ ગયા છો. તમે ૨૮/૦૮/૨૦૨૨ સુધીના અને ત્યાર બાદના હપ્તા ભરપાઈ કરવામાં પણ નિષ્ફળ ગયા છો.
(૩) તમે કરેલ કસૂરને કારણે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના નિર્દેશન અને માર્ગદર્શિકા મુજબ ૨૯/૧૧/૨૦૨૨ ના રોજતમારા લોન એકાઉન્ટસને હવે નોન પરફોર્મીંગ એસેટમાં ફેરવાઈ ગયા છે. અમારી વારંવારની વિનંતી તથા માંગણી કરવા છતા તમે વ્યાજ સહિતના બાકી રહેતા લોનના નાંણાની ફેર ચુકવણી કરી નથી.
(૪) તમારી જવાબદારીઓ પુરી કરવામાં તમારી અપાત્રતા કેડીટ ફેસીલીટી વિવિધ સીકયુરીટી સિકયોર્ડ સામે પેરા ૧ ઉપર જણાવ્યા મુજબ અને તમામ ખાતાના નોન પરફોર્મિંગ એસેટના વર્ગીકરણમાં. અમે તમને આથી નોટીસ આપીએ છીએ પેટા કલમ (૨) કલમ ૧૩ અન્વયે સિકયુરીટાઈઝેશન રીકન્સ્ટ્રકશન ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ મુજબ અને તમને જણાવેલ પુરેપુરી રકમ ચુકવવા અને તમારી જવાબદારી નિભાવવા બેંક પ્રત્યેની રૂા.૮૨,૩૫,૦૧૫.૫૯ (રૂપિયા બ્યાંસી લાખ પાંત્રીસ હજાર પંદર ઓગણસાઈઠ પૈસા પુરા)( ન ચઢેલ વ્યાજ+ સેવા વિનાનું વ્યાજ+ ચકવૃધ્ધિ વ્યાજ રૂા.૩,૧૨,૮૧૫.૧૪ ) + વધારાનું વ્યાજ+ અન્ય ખર્ચાઓ જે પેરા ૧ માં જણાવ્યા મુજબ વ્યાજ અને અન્ય કાનુની અને અન્ય ખર્ચા જે આ નોટીસની તારીખથી ૬૦ દિવસની અંદર ચુકવી આપવા અમે તમને ફરી નોટીસ આપીએ છીએ કે વ્યાજ સાથે રકમ નિયત તારીખ સુધી નહીં ચુકવાય તો અમે ઉપરોકત એકટની કલમ ૧૩ની પેટા કલમ (૪) હેઠળના અધિકારોનો ઉપયોગ કરીશું જેની નોંધ લેવી.
(૫) નોંધ લેવી કે પેરા ૧ ઉપર જણાવ્યા મુજબ દરેક પ્રકારની લોન પર વ્યાજ વગેરે અમલી રહેશે ,જયાં સુધી પૂરેપૂરી રકમ નહીં ચૂકવાઈ જાય.
(૬) અમે તમારું ધ્યાન આકૃષ્ટ કરીએ છીએ ઉપરોકત એકટની પેટા કલમ ૧૩ તરફ જેમાં જણાવેલ છે કે તમે પેરા ૧ માં જણાવેલ સિકયુર્ડ એસેટ અંગે કોઈ સોદો, વ્યવહાર, સેલ, લીઝ કે અન્ય રીતે નહીં કરી શકો (ધંધાના સામાન્ય કામકાજ સિવાય ) તે માટે અમારી લેખિત પરવાનગી લેવી પડશે. આ એકટની કલમ ૧૩(૧૩)નું પાલન નહિ થાય તો એકટની કલમ ૨૯ મુજબ સજાપાત્ર ગુનો બનશે.
(૭)અમે આગળ તમને જણાવીને તમારું ધ્યાન એકટ ૧૩ની પેટા કલમ (૮) તરફ દોરીએ છીએ કે, સુરક્ષિત મિલકત જે, તમારા દ્વારા બેંકને સુપરત કરેલ છે તે તમારી મિલકત તમામ કિંમતો, ચાર્જીસ અને ખર્ચાઓ સહિતની બાકી રકમ બેંકને જાહેર હરાજી/કવોટેશનના આમંત્રણ/ટેન્ડર/ખાનગી સોદાની જાહેર નોટિસની પ્રસિધ્ધીની તારીખ પૂર્વે સંપૂર્ણ ચુકતે કરી પાછી મેળવી લેશો.
(૮) નોંધ લેવી કે ડિમાન્ડ નોટીસ પૂર્વાગ્રહ વિનાની છે તેનાથી કોઈ માફી કે ઉપાયની વાત નથી બનતી અને તેથી આ અંગે અમે વધુ માગ કરી શકીશુ જયાં સુધી પૂરેપૂરી રકમ ચુકવાય ન જાય.

સ્થળ : સુરત સહાયક મહા પ્રબંધક અને અધિકૃત અધિકારી,
તારીખ : ૧૯/૧૨/૨૦૨૨ બેંક ઓફ બરોડા, સુરત.

(નોટીસ અંગ્રેજી ભાષા કરતા જો અન્ય ભાષામાં હોય તો, કોઈપણ કાયદાકીય ગૂચવણ હેતુ, અંગ્રેજી ભાષાની નોટીસ જ માન્ય રહેશે)